| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૧૦<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી દિવ્યેશભાઈ અકબરી–જામનગર દક્ષિણ |
|---|---|
| પ્રશ્ન–૩ | આ પ્રશ્નમાં જણાવ્યા મુજબએક એજન્સીએ ડમી/નકલી દસ્તાવેજો રજુ કરીને કામગીરી મેળવી અન્ય એજન્સીઓ પાસે કામગીરી કરાવતા હોવાની હકીકતથી સરકારશ્રી વાકેફ છે અને તેના જવાબમાં નિયમાનુસાર ટેન્ડરની ચકાસણી કર્યા બાદ કામગીરી હાથ ધરેલ છે તેવુ જણાવેલ છે તો આ બાબતે સરકારશ્રીએ શું કાર્યવાહી કરેલ હતી તે જણાવવા વિનંતી? ડમી/નકલી દસ્તાવેજો મુકેલ હોય તો ટેન્ડર મુજબ શું કાર્યવાહી કરવામાં આવે છે? |
| જવાબ–૩ | ➢ ગુજરાત સરકારના પ્રર્વતમાન નિયમાનુસાર કામોને ઓનલાઇન પદ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે તથા ટેન્ડરની રકમ આધારીત કામમાં પ્રી–કવોલીફીકેશનની જોગવાઇ હોય છે તથા પ્રી–કવોલીફાય બીડરના નાણાંકીય બીડ ખોલવામાં આવે છે.<br>➢ આ કામમાં તમામ પાંચ પેકેજ માટે ટેન્ડરની જોગવાઇ અનુસાર ટેન્ડરમાં આપેલ માપદંડના પરિપ્રેક્ષમાં દરેક બીડરની પ્રી–કવોલીફીકેશન કરવામાં આવેલ અને તેના માટે પુરતી ચકાસણી કર્યા બાદ તેના નાણાંકીય બીડ ખોલવામાં આવેલ. જેમાં જેમણે લઘુત્તમ ભાવ ભરેલ હોય તેવા બીડરને એલ.–૧ બીડર ગણાવામાં આવેલ છે.<br>➢ ત્યારબાદ તેમના ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવેલ અને આ કામના તમામ પાંચ પેકેજમાં એલ–૧ બીડર્સને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.<br>➢ જેમાં જે પેકેજમાં બહારની કંપનીઓ એલ.૧ બીડર હતી તે કંપની માટે ટેન્ડરની જોગવાઈ અનુસાર રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર હિતના પરિપ્રેક્ષમાં ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની તા.૩૦/૧૧/૨૦૧૭ થી મંજુરી મેળવીને તે કામ સોંપવામાં આવેલ હતું.<br>➢ ટેન્ડર પ્રક્રીયા દરમિયાન જો એવું ધ્યાન પર આવે કે કોઈ કંપનીએ ડમી/નકલી દસ્તાવેજો રજુ કરેલ છે તો તેની વિરુદ્ધ ટેન્ડરની જોગવાઈ અનુસાર બીડ રદ કરવાની તેમજ તેમની સામે શીક્ષાત્મક કાર્યવાહીના ભાગ રૂપે બે વર્ષ સુધીની ટેન્ડર ભાગ લેવા પર પ્રતિબંધ કરવાની જોગવાઈ ટેન્ડર ડોક્યુમેન્ટમાં હોઈ તે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. |